# એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ (ટેકનીકલ)

ACPC એલ. ડી. કોલેજ ઓફ એન્જિનીયરીંગ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર પ્રવેશ બાબતે (પ્રવેશ વર્ષ-૨૦૧૮)

શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૨૦૧૯ ની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૧૯-૦૭-૨૦૧૮ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ખાલી રહેલી બેઠકો ગુજરાત વ્યાવસાયિક ટેકનીકલ કોલેજો / સંસ્થાઓ (પ્રવેશ નિયમન અને ફી ચૂકવણી) નિયમ ૨૦૦૮ ના નિયમ-૧૯ મુજબ ‘‘ખાલી બેઠકો’’ મુજબ ભરવાની થાય છે. જેના અનુસંધાને ટેકનીકલ શિક્ષણ સંચનાલયનાં તાબા હેઠળની ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી રાજ્યની સરકારી અને અનુદાનિત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે રાઉન્ડ-૨ બાદ ‘નોન-રિપોર્ટીંગ’, ‘નોન-એલોટમેન્ટ’ તેમજ પ્રવેશ રદ્દને કારણે ખાલી રહેલી બેઠકોનો પ્રવેશ કાર્યક્રમ નીચે મુજબ છે. પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી પ્રવેશ વર્ષ-૨૦૧૮ ના મેરીટ સમાવિષ્ટ **તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે.** આ પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ www.gujacpc.nic.in ઉપર પોતાના લોગઈન આઈડી (Login ID) ની મદદથી પ્રવેશ સમિતિએ નિયત કરેલ સમયમર્યાદામાં ઓનલાઈન સંમતિ (Consent) આપવાની રહેશે. ઉમેદવારે ઓનલાઈન સંમતિ આપ્યા બાદ રજીસ્ટ્રેશન ડિટેઈલમા જઈ અને સંમતિ આપ્યા બાબતનો પત્રની (Consent Letter) પ્રિન્ટ આઉટ લેવાની રહેશે. આ રીતે સંમતિ આપનાર ઉમેદવારો જ સદર પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. આ બેઠકો માટે પ્રવેશ ઉચ્છુક ઉમેદવારોએ ઓનલાઈન સંમતિ આપ્યા બાબતના પત્રની પ્રિન્ટ આઉટ સાથે **રૂબરૂમાં પ્રવેશ સમિતિ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે સ્વખર્ચે અચૂક હાજર થવાનું રહેશે અન્યથા પ્રવેશ બાબતનો હક દાવો રહેશે નહી.** આ રાઉન્ડના સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. કાઉન્સેલીંગમાં વિદ્યાર્થીએ પોતે ફરજીયાત હાજર રહેવાનું રહેશે. કાઉન્સેલીંગનો આગળનો કાર્યક્રમ પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર જાહેર કરવામાં આવશે.

વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુસાંગીક સરકારી, અનુદાનીત, IIT-RAM, PPP તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી વારંવાર પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ ઓફ લાઈન પ્રવેશ માટે પ્રવેશ સમિતિ ખાતે હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે. **અગાઉનો પ્રવેશ રદ્દ થયા બાદ ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.**

| No. | Activities | Date |
|---|---|---|
| 1 | Online Admission closed by ACPC | 19-07-2018 |
| 2 | Display of vacancy after Round-2 | 20-07-2018 |
| 3 | Online Consent for participating for this programme.(www.gujacpc.nic.in) | 21-07-2018 to 23-07-2018 |
| 4 | Display of Counceling Schedule on www.jacpcldce.ac.in & through news paper advertisement | 25-07-2018 |

**નોંધ :** ઉમેદવારોએ તેઓને ફાળવેલ સમયના ૩૦ મીનીટ પહેલા અચુક હાજર થવાનું રહેશે.

ઉપરોક્ત પ્રવેશ કાર્યક્રમ બાદ પણ જો બેઠકો ખાલી રહેશે તો આગળની કાર્યવાહી ત્યાર બાદ જાહેર કરવામાં આવશે. જેની જાહેરાત પ્રવેશ સમિતિની વેબસાઈટ ઉપર તા. ૦૨-૦૮-૨૦૧૮ ના રોજ કરવામાં આવશે.

વધુ વિગત તેમજ latest updates માટે સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in વખતો વખત જોવા જણાવવામાં આવે છે.

**તા. ૧૮-૦૭-૨૦૧૮** — **મેમ્બર સેક્રેટરી**

**હેલ્પ લાઈન નંબર ૦૭૯-૨૬૫૬૬૦૦૦**